Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 1
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 19/05/2020
Marks : 50
Roll No. : ____________

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 5)**

1. 2936નું સોના આધારે આસન્ન મૂલ્ય ....... છે.
   A. 3036 B. 2900 C. 3040 D. 3000
2. રોમન અંકમાં કેટલાં ચિહ્નનો ઉપયોગ થાય છે ?
   A. 8 B. 7 C. 9 D. 10
3. 29ને રોમન સંખ્યામાં .... લખાય.
   A. XXXI B. XXIX C. XXIV D. XXXV
4. ...... સંખ્યાના અંકોને ઊલટા ક્રમમા લખવા છતાં સંખ્યા તેની તે જ રહે છે.
   A. 110 B. 101 C. 330 D. 200
5. 6,3,9,8,0 અંકોથી બનતી મોટામાં મોટી પાંચ અંકોની સંખ્યા ..... છે.
   A. 98630 B. 89063 C. 98360 D. 98603

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 5)**

6. આઠ અને ત્રણના તફાવતને સાત વડે ગુણતા ............. જવાબ મળે ?
7. 45321, 54321, 12345, 32154 પૈકી .......... સૌથી નાની સંખ્યા છે.
8. ........ વ્યાખ્યાયિત થયેલ નથી. (8 + 0, 8- 0, 8 = 0)
9. 76 નો રોમન અંક .............. છે.
10. ......... સંખ્યાલેખન ખોટું છે.(LXI, LC, XCI)

**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 5)**

11. એક કલાકાર દિવસની આઠ મૂર્તિ બનાવે છે. તેમાંથી ત્રણ મૂર્તિ તૂટી જાય છે, તો સાત દિવસમાં 35 મૂર્તિ બનાવી હોય ?
12. 9 નો રોમન અંક = IX
13. બેતાળીસ લાખ ત્રણ સો પાંચને અંકોમાં 42,305 લખાય.
14. 501 × 79નો અંદાજિત ગુણાકાર 40,000 થાય.
15. 6 × 10 + 7 × 10નું સાદું રૂપ 4200 થાય.

**Q - 2 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 1 ગુણ) (ગમે તે દસ)** **(Marks - 10)**

16. નવ કરોડ પાંચ લાખ એકતાલીસ સંખ્યાને યોગ્ય રીતે અલ્પવિરામ મૂકો અને સંખ્યા લખો.
17. "13 અને 4 ના તફાવતને 3 વડે ભાગો." – આ વિગતને પદાવલિ સ્વરૂપે મેળવો.
18. 93,287 ને વાંચો અને તેનું વિસ્તરણ કરો.
19. રોમન અંકમાં કયા ચિનનું પુનરાવર્તન થતું નથી ?
20. મૌલિક ગાડી લઈને આઠ કિલોમીટર આગળ જાય છે અને ત્રણ કિલોમીટર પાછો આવે છે. આવા સાત રાઉન્ડ પછી મૌલિકે કેટલું અંતર કાપ્યું હોય ?
21. નીચેની સંખ્યાઓ ચડતા ક્રમમાં ગોઠવો :847, 9754, 8320, 571
22. રોમન અંક લખો : 73
23. રોમન અંકમાં 500 અને 1000 કેવી રીતે લખાય ?
24. અઠ્ઠાવન મિલિયન ચાર સો ત્રેવીસ હજાર બસો બે સંખ્યાને યોગ્ય રીતે અલ્પવિરામ મૂકો અને સંખ્યા લખો.

BHAVDIP VADHER (E-LEARNING)

25. કૌંસનો ઉપયોગ કરીને નીચેના દરેક માટે પદાવલિ સ્વરૂપે લખો : નવ અને બેના સરવાળાને ચાર વડે ગુણો.

26. 15,623; 15,073; 15,189; 15,800 હારમાં સૌથી મોટી અને સૌથી નાની સંખ્યા કઈ છે ?

27.




(1) બસ દ્વારા A થી D સુધીનું કપાયેલ કુલ અંતર શોધો,

**Q - 3 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 2 ગુણ) (ગમે તે ચાર)** **(Marks - 8)**

28. એક વિદ્યાર્થીએ 923નો 23 વડે ગુણાકારને બદલે 32 વડે ગુણાકાર કર્યો. તેનો જવાબ સાચા જવાબ કરતાં કેટલો વધારે હશે ?

29. 2, 8, 7, 4 આપેલા અંકોના પુનરાવર્તન વગર તેમનો ઉપયોગ કરીને ચાર અંકની મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યા શોધો

30.




1. સૌથી ઊંચું કોણ છે ?    2. સૌથી નીચું કોણ છે ?

31. 9250 × 29 સામાન્ય નિયમનો ઉપયોગ કરીને નીચેના ગુણાકારનો અંદાજ મેળવો

32. શાળા અને વિદ્યાર્થીના ઘરની વચ્ચેનું અંતર 1 કિમી 875 મીટર છે. રોજિંદા તે આવતાં અને જતાં બંને વખત ચાલે છે, તો છ દિવસમાં તેના દ્વારા આવરી લેવાતું કુલ અંતર શોધો.

33. અંક 1 દરેક વખતે હજારના સ્થાને હોય તે શરતને આધારે ચાર અંકો વડે ચાર અંકની મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યા શોધો.

**Q - 4 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 3 ગુણ) (ગમે તે ત્રણ)** **(Marks - 9)**

34. અંકો 4, 5, 6, 7, 8 અને 9 લો. તેનો ઉપયોગ કરીને 8 અંકોની ત્રણ સંખ્યા શોધો

35. 4,89,348 - 48,365 નજીકના સો ના સ્થાન સુધીનો એક કાચો અંદાજ આપો અને દશકના સ્થાન સુધીનો એક કાચો અંદાજ આપો.

36. 1,08,734 - 47,599 નજીકના સો ના સ્થાન સુધીનો એક કાચો અંદાજ આપો અને દશકના સ્થાન સુધીનો એક કાચો અંદાજ આપો.

37. એક ખોખામાં 2,00,000 દવાની ગોળીઓ સમાય છે. દરેક ગોળીનું વજન 20 મિલિગ્રામ છે, તો બૉક્સમાંની બધી ગોળીઓનું કુલ વજન મિલિગ્રામ અને કિલોગ્રામમાં શોધો.

38. 439 + 334 + 4317 નજીકના સો ના સ્થાન સુધીનો એક કાચો અંદાજ આપો અને દશકના સ્થાન સુધીનો એક કાચો અંદાજ આપો.

**Q - 5 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 4 ગુણ) (ગમે તે બે)** **(Marks - 8)**

BHAVDIP VADHER (E-LEARNING)

39.




(i) બસ દ્વારા A થી D સુધીનું કપાયેલ કુલ અંતર શોધો,
(ii) બસ દ્વારા D થી G સુધીનું કપાયેલ કુલ અંતર શોધો.
(iii) જે મુસાફરી A થી શરૂ થાય અને પરત. A પર પહોંચે તો કપાયેલ કુલ અંતર શોધો.
(iv) શું તમે C થી D અને D થી B સુધીનાં અંતરનો તફાવત શોધી શકો છો ?

40. (i) 5,27,864 (ii) 95,432 (iii) 1,89,50,049 (iv) 7,00,02,509 સંખ્યા શબ્દોમાં લખો:

41.




બસ દ્વારા પહોંચવા માટે લેવામાં આવેલ સમય શોધો.
(1) A થી B (2) C થી D (3) E થી G (4) કુલ પ્રવાસ

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 1

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 19/05/2020
Marks : 50

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** (Marks - 5)

1. 2900
2. 7
3. XXIX
4. 101
5. 98630

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** (Marks - 5)

6. 35
7. 12.345
8. $8 \div 0$
9. LXXVI
10. LC

**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)** (Marks - 5)

11. ખરું (True)
12. ખરું (True)
13. ખોટું (False)
14. ખરું (True)
15. ખોટું (False)

**Q - 2 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 1 ગુણ) (ગમે તે દસ)** (Marks - 10)

16. 9,05,00,041
17. (13 − 4) ÷ 3
18. 9 x 10000 + 3 x 1000 + 2 x 100 + 8 x 10 + 7 x 1
19. V, L, D
20. 35
21. સંખ્યાનો ચડતો ક્રમ : 571, 847, 8320, 9754
22. 73 = LXXIII
    સમજતી : 73 = 50 + 10 + 10 + 1 + 1 + 1
23. રોમન અંકમાં 500 = D અને 1000 = M લખાય.
24. 58,423,202
25. 4(9 + 2)
26. અહીં, દરેક સંખ્યા પાંચ અંકની છે અને દરેક સંખ્યાના દસ હજાર અને હજારના સ્થાનનો અંક 1 અને 5 છે.આથી સો ના અંક પરથી મોટી અને નાની સંખ્યા નક્કી થશે.
    6, 0, 1 અને 8 એ સો ના સ્થાનનો અંક છે. આમ, 8 એ મોટો અંક હોવાથી 15,800 મોટી સંખ્યા અન 0 એ નાનો અંક હોવાથી 15,073 નાની સંખ્યા છે.
    આમ, 15,800 મોટી સંખ્યા અને 15,073 નાની સંખ્યા થાય.

BHAVDIP VADHER (E-LEARNING)

27. A થી D સુધીનું અંતર
= 4170 કિમી + 34 10 કિમી + 2160 કિમી
= 9740 કિમી

**Q - 3 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 2 ગુણ) (ગમે તે ચાર)** **(Marks - 8)**

28. માંગેલ ગુણાકાર = 923 x 32 - 932 x 23
= 923 x (32 - 23)
= 923 x 9
= 8307
તેનો જવાબ સાચા જવાબ કરતાં 8307 જેટલો વધારે હશે.

29. અહીં, આપેલા અંકોની મદદથી મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યા શોધવા માટે, અંકોને ઊતરતા અને ચડતા ક્રમમાં ગોઠવવા પડે. આમ, ઊતરતો ક્રમ એ મોટામાં મોટી સંખ્યા અને ચડતો ક્રમ એ નાનામાં નાની સંખ્યા દર્શાવે છે
ઊતરતો ક્રમ : 8, 7, 4, 2
ચાર અંકની મોટામાં મોટી સંખ્યા : 8742
ચડતો ક્રમ : 2, 4, 7, 8
ચાર અંકની નાનામાં નાની સંખ્યા : 2478

30. 1. સૌથી ઊંચું કોણ છે ?
સૌથી ઊંચો રામહરી છે, કારણ કે ચાર બાળકોમાંથી તેની ઊંચાઈ સૌથી વધુ એટલે કે 160 સેમી છે.
2. સૌથી નીચું કોણ છે ?
સૌથી નીચી ડોલી છે, કારણ કે ચાર બાળકોમાંથી તેની ઊંચાઈ સૌથી ઓછી એટલે કે 154 સેમી છે.

31. 9250 = 9300 અને 29 = 30
ગુણાકારનો અંદાજ = 9300 x 30
= 2,79,000
આમ, ગુણાકારનો અંદાજ 2,79,000 થાય.

32. શાળા અને વિદ્યાર્થીના ઘરની વચ્ચેનું અંતર = 1 કિમી 875 મીટર
= 1000 મીટર + 875 મીટર
= 1875 મીટર
તે આવતા અને જતાં બંને વખત ચાલતો હોવાથી એક દિવસમાં કપાતું અંતર = 2 x 1875 = 3750 મીટર
હવે,
1 દિવસમાં કપાતું અંતર = 3750 મીટર
6 દિવસમાં કપાતું અંતર = (6 x 3750) મીટર
= 22,500 મીટર
22,500 મીટર = 22,000 મીટર + 500 મીટર
= 22 કિમી + 500 મીટર
= 22 કિમી 500 મીટર
આમ, છ દિવસમાં 22,500 મીટર (22 કિમી 500 મીટર) અંતર આવરી લે છે.

33. અહીં, મોટામાં મોટી સંખ્યા શોધવા માટે અંકો ઊતરતા ક્રમમાં (9, 8, 7, 6, 5, 4, 3, 2, 1, 0) લખવામાં આવે છે અને નાનામાં નાની સંખ્યા શોધવા માટે અંકો ચડતા ક્રમમાં (0, 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9) લખવામાં આવે છે અને કોઈ પણ અંકનું પુનરાવર્તન ન થાય તેનું પણ ધ્યાન રાખવું.
સૌથી મોટી સંખ્યા 1987
સૌથી નાની સંખ્યા 1023

**Q - 4 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 3 ગુણ) (ગમે તે ત્રણ)** **(Marks - 9)**

34. 4, 5, 6, 7, 8 અને 9 નો ઉપયોગ કરી 8 અંકની બનતી સંખ્યાઓ : (1) 89764455 ( 2 ) 97664589 (3) 99877654

BHAVDIP VADHER (E-LEARNING)

35. દશકના આધારે આસન્ન મૂલ્ય,
4,89,348 = 4,89,350 અને 48,365 = 48,370
બાદબાકીનો અંદાજ = 4,89,350 - 48,370
= 4,40,980
સો ના આધારે આસન્ન મૂલ્ય,
4,89,348 = 4,89,300 અને 48,365 = 48,400
બાદબાકીનો અંદાજ = 4,89,300 – 48,400
= 4,40,900

36. દશકના આધારે આસન્ન મૂલ્ય,
1,08,734 = 1,08,730 અને 47,599 = 47,600
બાદબાકીનો અંદાજ = 1,08,730 - 47,600
= 61,130
સો ના આધારે આસન્ન મૂલ્ય,
1,08,734 = 1,08,700 અને 47,599 = 47,600
બાદબાકીનો અંદાજ = 1,08,700 - 47,600
= 61,100

37. 1 કિલોગ્રામ = 10,00,000 મિલિગ્રામ
દવાની ગોળીઓ = 2,00,000
1 ગોળીનું વજન = 20 મિલિગ્રામ
2,00,000 ગોળીઓનું વજન = 20 x 2,00,000 મિલિગ્રામ
= 40,00,000 મિલિગ્રામ
હવે,
10,00,000 મિલિગ્રામ = 1 કિલોગ્રામ
40,00,000 મિલિગ્રામ = (?) કિલોગ્રામ

$$\frac{= (40,00,000 \times 1)}{10,00,000}$$

= 4 કિલોગ્રામ
આમ, બધી ગોળીઓનું કુલ વજન : (1) 40,00,000 મિલિગ્રામ થાય. (2) 4 કિલોગ્રામ થાય.

38. દશકના આધારે આસન્ન મૂલ્ય
439 = 440 અને 334 = 330 અને 4317 = 4320
સરવાળાનો અંદાજ = 440 + 330 + 4320
= 5090
સો ના આધારે આસન્ન મૂલ્ય
439 = 400 અને 334 = 300 અને 4317 = 4300
સરવાળાનો અંદાજ = 400 + 300 + 4300
= 5000

**Q - 5 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 4 ગુણ) (ગમે તે બે)** **(Marks - 8)**

BHAVDIP VADHER (E-LEARNING)

39. (1) બસ દ્વારા A થી D સુધીનું કપાયેલ કુલ અંતર શોધો,
A થી D સુધીનું અંતર
= 4170 કિમી + 34 10 કિમી + 2160 કિમી
= 9740 કિમી
(ii) બસ દ્વારા D થી G સુધીનું કપાયેલ કુલ અંતર શોધો.
D થી G સુધીનું અંતર
= 8140 કિમી + 4830 કિમી + 2550 કિમી
= 15,520 કિમી
(iii) જે મુસાફરી A થી શરૂ થાય અને પરત. A પર પહોંચે તો કપાયેલ કુલ અંતર શોધો.
A થી A સુધીનું અંતર
= 4170 કિમી + 3410 કિમી + 2160 કિમી + 8140 કિમી + 4830 કિમી + 2550 કિમી + 1290 કિમી
= 26,550 કિમી
(iv) શું તમે C થી D અને D થી B સુધીનાં અંતરનો તફાવત શોધી શકો છો ?
(D થી B સુધીનું અંતર) – (C થી D સુધીનું અંતર)
= 8140 કિમી – 2160 કિમી
= 5980 કિમી

40. (i) 5,27,864 : પાંચ લાખ સત્યાવીસ હજાર આઠ સો ચોસઠ
(ii) 95,432 : પંચાણું હજાર ચાર સો બત્રીસ
(iii) 1,89,50,049 : એક કરોડ નેવ્યાસી લાખ પચાસ હજાર ઓગણપચાસ
(iv) 7,00,02,509 : સાત કરોડ બે હજાર પાંચ સો નવ

41. (a) બસ દ્વારા A થી B પહોંચવા માટે લેવામાં આવેલ સમય શોધો.
અહીં, સમય = અંતર / ઝડપ નો ઉપયોગ કરીશું.
બસની ઝડપ 60 કિમી / કલાક છે.

A થી B પહોંચતા થતો સમય
= $\frac{4170}{60}$
= 69.5 કલાક
= 69 કલાક + 30 મિનિટ
= 69 કલાક 30 મિનિટ
(b) બસ દ્વારા C થી D પહોંચવા માટે લેવામાં આવેલ સમય શોધો.
C થી D પહોંચતા થતો સમય
= $\frac{2160}{60}$
= 36 કલાક
(c) બસ દ્વારા E થી G પહોંચવા માટે લેવામાં આવેલ સમય શોધો.
E થી G પહોંચતા થતું કુલ અંતર = E થી Fનું અંતર + F થી 8 નું અંતર = 4830 કિમી + 2550 કિમી = 7380
E થી G પહોંચતા થતો સમય = $\frac{7380}{60}$
= 123 કલાક
(d) બસ દ્વારા A થી A સુધી પહોંચવા લેવામાં આવેલ સમય શોધો.
કુલ પ્રવાસ એટલે કે A થી પાછા A તરફ આવતા લાગતો સમય = = $\frac{26550}{60}$
= 442.5 કલાક
= 442 કલાક + $\frac{5}{10} \times \frac{60}{1}$ મિનિટ
= 442 કલાક + 30 મિનિટ
= 442 કલાક 30 મિનિટ

BHAVDIP VADHER (E-LEARNING)